સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કરેલાં કર્મો દેખાય છે સૌને છેલ્લે તબક્કે!
પાપના કાંટા ભોંકાય છે સૌને છેલ્લે તબક્કે!
યમની ભેંસ ડોકાય છે સૌને છેલ્લે તબક્કે!
અંતનો અંદાઝ વર્તાય છે સૌને છેલ્લે તબક્કે!

હાઈકુ

વાણી વિલાસ
થયો પારાકાષ્ટાએ -
છેલ્લા તબક્કે!

લોકશાહીને
ઉપડ્યો સન્નિપાત -
છેલ્લે તબક્કે!

ચિંતન

ઐશ્વર્ય તિમિરો ચક્ષુઃ પશ્યન્નપિ ન પશ્યતિ ।
તસ્ય નિર્મલતાયાં તુ દારિદ્ર્યં પરમૌષધમ્ ॥

ઐશ્વર્ય-ધન-સમૃદ્ધિના અભિમાનથી જેની આંખો આંધળી થઇ ગઇ છે, અને ગરીબી-લાચારી દુઃખ, અસહાયતા જોવા છતાં એ આંખ આડા કાન કરે છે, જોયું ન જોયું કરે છે એવા માણસોની આંખ ખોલવા, અજ્ઞાનનો અંધાપો દૂર કરવાનું એક જ ઔષધ છે અને તે છે 'ગરીબી' - દારિદ્રયના જાત અનુભવ પછી બીજાનાં દુઃખ સરળ રીતે સમજી શકાય છે.

કોઇ ગરીબની લાચારી, કોઇ દુઃખી-ગરીબ દર્દીની પીડા, કોઇ અસહાય વિધવા નારી, કોઇ પિતાની પુત્રીના લગ્નની ચિંતા નિર્ધનને આવી અનેક વેદનાઓ હોય છે જો ધનિક પૈસાદાર લોકો આવાં લોકોના દુઃખ-દર્દ સમજી દાનનો હાથ લંબાવે તો ગરીબી ગળગળી થઇ હર્ષનાં આંસુ છલકાવે પણ ધનના ગુમાની લોકોને આવી સમજ હોય છે જ ક્યાં? કોઇ દુઃખ-દર્દીને જોવા છતાં પણ જાણે એણે કંઇ જ જોયું નથી એવો ખોટો દંભ કરે છે. આવા માણોસની સાન ઠેકાણે લાવવા માટે વિધાતા એને ગરીબી-દારિદ્રય આપે તો જ એમની આંખ ઉઘડે કે લાચારીમાં કેમ જીવાય છે?

ગરીબીનો અનુભવ એક ઔષધ છે જેના સેવનથી અનેક પ્રકારની માનસિક તંદુરસ્તી પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- જે ન્યાયને અનુકૂળ છે તે કડી ધર્મની વિરૂદ્ધ હોઇ જ ન શકે - *ધર્મસૂત્ર*
- જે ધર્મ વિધવાના આંસુ લુછી ન શકે, કે અનાથના મોંમાં રોટલીનો ટૂકડો ન મૂકી શકે એ ધર્મમાં શ્રદ્ધા ન રહે - *જનકલ્યાણ*
- આળસ એ ઘણા દુઃખોના સમૂહનું એક જ નામ છે - *એસ. ભટ્ટાચાર્ય*
- જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાનો સંગમ - *અનામ*
- દુઃખ-સંકટ સમયે જ આપણી અંદરની શક્તિઓ બહાર આવે છે.. જે સુખના સમયે આપણામાં સુષુપ્ત અવસ્થામાં હોય છે - *ડો.ચંદ્રકાન્ત મહેતા*
- તમારું હૃદય ભગવાનને ચરણે ધરી, અને હાથ સંસારને સોંપો...- *પાંડુરંગ આઠવલે*
- કર્મ તો કામધેનું છે.. એને દોહતા આવડે તો આનંદરૂપી દૂધ મળે છે - *કર્મસૂત્ર*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ બસ, ગીર્દી, સભાઓ, મંદિરોમાં, ખિસ્સા કપાઇ જવા, ચેન કપાઇ જાય, પૈસાના પાકીટ છીનવી જાય. અકસ્માતો થાય, ગાડી-ટ્રેનો ભટકાઇ જાય - એના મૂળમાં આપણી જ અસાવધાની, બેદરકારી અને કાયદાનું પાલન ન કરવાની વૃત્તિ છે. લાઇન નિયમો પાળો, વાહન વહેવારના નિયમોનું પાલન કરો તો અકસ્માત ન થાય! નઠારા અને લુચ્ચા લોકો આપણી નબળાઇનો માત્ર 'લાભ' ઉઠાવે છે. આવા નઠારા-બેદરકાર-આળશુ લોકોને ઇશ્વર સદ્‌બુદ્ધિ આપે એ જ પ્રાર્થના.

એક ફકીર ઝાડ પાસે બેસી મોટે મોટેથી, ચૌરાહા તરફ નજર રાખી ખૂદાની બંદગી કરતો હતો. 'ખૂદા! નઠારા-લુચ્ચા-દુષ્ટ લોકો પર રહેમ કર! અને પણ સદ્‌બુદ્ધિ આપ.'

એક રાહદારીએ આ બંદગી સાંભળી અને ઊભો રહ્યો - પૂછ્યું, 'બાબા મેં તમારી બંદગી સાંભળી, તમે કેમ નઠારા અને લુચ્ચા લોકોને માટે પ્રાર્થના કરતા હતા!'

ઓલિયાં કહે - જે સજ્જન છે એ પોતાની સજ્જનતા કદાપિ છોડવાના નથી. જે દુષ્ટ છે, કાયદા-નિયમો અને સચ્ચાઇનું પાલન નથી કરતા એમને કારણે જ જગતમાં બધી અવ્યવસ્થા ઉભી થાય છે - એમને જો ઇશ્વર સદ્‌બુદ્ધિ આપે તો જગતમાં સુખ-શાંતિ થઇ જાય!

ફકીરની વાત સાચી લાગી.

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતીય સંસ્કૃતિના પરંપરાગત ઉજમાળાં માનવ મૂલ્યોનું જતન કરતાં કલમ ચિત્રો

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

જેમ સાહિત્યની વિશેષતા તેની સાહિત્યિકતા છે તેમ માનવની વિશેષતા તેની માનવતામાં છે. યંત્ર અને તંત્ર પ્રધાન વીસમી સદી એ માણસમાંથી માણસાઇ નામની મોટી રકમની બાદબાકી કરી નાંખી છે. જે સદીમાં બે બે વિશ્વયુદ્ધો લડાયાં હોય એ સદીમાં માનવતા વિરલ જ થતી જાયને? બંધુતા અને ભાઇચારાની વાતો કરનારા આ જમાનાએ માનવતાવાદને મોટું જીવનમૂલ્ય માનવા આપણને મજબૂર કર્યા છે આજકાલ માનવતા પ્રગટ કરતી કોઇ વ્યક્તિ ક્યાંક દેખાય તો આપણું હૃદય અને આંખ ભીની થઇ જાય છે.

માનવતાના સૂકવણાના આ કાળમાં માનવતાના આવાં દીવડા જેવાં જે સ્ત્રીપુરૂષો વિશે લખાયેલ સતના આધાર સમા કલમ ચિત્રો માટે ડો. નરેશ વેદ દ્વારા ઉપરોક્ત વાત ઉચ્ચારાઇ છે. તેમનું કહેવું છે કે માણસાઇ એ કોઇ મોટા અને મહાન ગણાતા માણસોનો જ ગુણ વિશેષ નથી. સાવ સાધારણ અને સામાન્ય દેખાતા મનુષ્યોમાં પણ આવી સાર માણસાઇ હોય છે. જે અન્ય કોઇ માટે તન, મન ધનથી ઘસાઇ છૂટીને પણ માનવાની મહેંક પ્રસરાવતા રહે છે. માનવતાના આ ભેરુઓ વિશે લખાયેલ એક અજોડ પુસ્તકની વાત મારે તમને કરવી છે.

'માનવતાના ભેરુ' ભારતીય સંસ્કૃતિના માનવ મુલ્યોનું જનત કરતાં રેખાચિત્રોનું પુસ્તક છે. જેમાંથી પસાર થતાં આપણને ૩૧ જેટલાં માનવતાનો પ્રકાશ ફેલાવતા દીવડાઓની જ્યોત આપણા હૃદયમનને પ્રશન્ન કરે છે. તે ઉપરાંત આ પુસ્તક વિશે લખાયેલ ૧૧ જેટલા અભ્યાસ લેખોને પણ અહીં સમાવવામાં આવ્યા છે. સમાજજીવનમાં આ બધા પાત્રો સાથે લેખકનો નાતો રહ્યો છે. તૂટી જવાની ક્ષણ સુધી માણસાઇને અકબંધ જાળવી રાખનારા આ પાત્રો નગર જીવનથી અને આજની ડિગ્રીધારી શિક્ષણપ્રથાથી લગભગ અળગાં છે પરંતુ લેખકને મન જીવનને ઊંચાઇ પર લઇ જતી કેળવણી જ ઉત્તમ છે. સામાન્ય સ્તરના બહુધા નિરક્ષર પાત્રોમાં એ સચવાઇ છે. આ પાત્રોમાં લેખક ધરતીનું અજવાળું કહે છે. જે અજવાળાથી આપણે ઉજળા છીએ. અહીં સાધારણ વ્યક્તિનાં રહેતા અસાધારણ પણા સાથે લેખકે સાધારણીકરણ કેળવ્યું છે. પ્રત્યેકની કોઇ ને કોઇ વિશેષતાથી લેખક આકર્ષાયા છે. જેણે લેખકને આ પાત્રો વિશે લખવા પ્રેર્યા છે. આ પાત્રો સામાન્ય સ્તરના હોવા છતાં એમની મૂલ્યનિષ્ઠ ધબકતી જીવનરીતિ એમને નોખાં ચિતરે છે. લેખક એમની વચ્ચે ભરચક જીવ્યા છે અને સંવેદનતંતુથી સંયોજાયા છે ત્યારે તેમને શબ્દદેહ આપીને હળવા થયા છે. આ વ્યક્તિઓની વિશેષતા મુખ્ય તો એ રહી છે કે તેઓ તૂટી જવાની ક્ષણ સુધી માણસાઇને અકબંધ સાચવે છે. નરી નકરી સચ્ચાઇ એમના જીવનની ઝણસ છે. તેમનામાં ધરતીની સાચી મહેંક છે જેને લેખક માણસાઇનું ઘરુ કહે છે અને ધરતીનું અજવાળું ગણે છે. જે તે પાત્રોને વિશિષ્ટ મુદ્રા રૂપે ઝીલી અસલ રૂપમાં અંકિત કરવાનો અહીં લેખકનો પ્રયત્ન છે.



'માનવતાના ભેરુ' પુસ્તકમાં સંગ્રહિત લેખકોની સંવેદન કલાની સમરસતા તરફ વાંચકનું ધ્યાન દોરતાં આપણા વરિષ્ઠ સાહિત્યકાર અને સાહિત્ય પરિષદના પ્રમુખ ધીરુ પરીખ પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે લેખકના આ ચરિત્રલેખો વાંચતા એમાં પાત્ર કે પ્રસંગને અનુરૂપ ભાષાશૈલી અને સમ્યક કલ્પના વિન્યાસ ધ્યાન ખેંચશે. એમણે બિનજરૂરી ભાષાપિપાસા કે શૈલીવ્યાયામથી દૂર રહેવાનું રાખ્યું છે. આથી આ લેખોની ભાષા શૈલી હધ અને સહજ બની છે. વિવિધ પાત્રોને મુખ્યત્વે માણસાઇની સ્તરે નિરૂપ્યા છે. જયાં પાત્રની નબળી બાજુ આવે છે. ત્યાં પણ તેને કોઇ અતિશયોક્તિમાં પડ્યા વગર માત્ર ઇંગિતથી મૂકી દઇ આખરે એ પાત્રની હકારાત્મક વિશેષતાઓ ઉપસાવવા તરફનું એમનું વલણ રહ્યું છે. નાયક-નાયિકાઓનાં જીવન ખંડોમાં લેખક આપણને આસાનીથી ઘૂમતા કરી દે છે. નિબંધો રેખાચિત્રોનો આરંભ ક્યારેક પાત્રના પરિચાયક નિર્દેશથી તો ક્યારેક કોઇ વિગતના પ્રશ્નાર્થથી લેખકે કર્યો છે. તેમાં ક્યારેક વળી ટૂંકા ટૂંકા વાક્યોનાં નાનકડા પરિચ્છેદ દ્વારા પાત્રનું બાહ્યાભ્યંતર વ્યક્તિત્વ લેખક આસાનીથી અને સહજતાથી ખડું કરી દે છે.

આ પુસ્તકમાં સમાવાયેલા રેખાચિત્રો વિશે જુદા જુદા વિવેચકો અને અભ્યાસુઓ દ્વારા જે અભ્યાસ લેખો લખાયા છે તે પાના નં. ૧૧૭ થી આગળ મુકવામાં આવ્યા છે. તેમાં રમેશ એમ. ત્રિવેદી 'માનવતાના ભેરુ' નાં વ્યક્તિ ચિત્રોને સાચુકલાં માનવીઓની સંસ્પર્શની વાત કરે છે. તો વિજય શાસ્ત્રી તેમાં ચીંથરે-ઢાક્યા રતનનો ઝળહળાટ અનુભવે છે. ગુજરાત ટાઇમ્સમાં પારૂલ દોષીને આ રેખાચિત્રોમાં છેટ તૂટી જવાની ક્ષણ સુધી અકબંધ રહેતી માણસાઇનાં દર્શન થાય છે. જગદીશ ચંદ્ર પટેલે પણ બુદ્ધિ પ્રકાશમાં તેના પર એક દૃષ્ટિપાત કર્યો છે. પ્રત્યક્ષમાં અજય રાવલને કેટલાંક સ્મરણીય રેખાચિત્રો લાગ્યા છે. તો વળી જયંત પાઠકનો પ્રતિભાવ પણ અહીં આપણને મળે છે. મોહનભાઇ રાં. પટેલે શબ્દને દીવે અજવાળી ધરતીનો ઉજાસ બતાવવાનો પ્રયાસ કર્યો છે તેની સાથે સાથે બાબુ દાવલપુરાએ પણ આ એતોહર રેખાચિત્રોની વાત સરસ રીતે મુકી આપી છે. એમ.આઇ. પટેલને આ કૃતિઓ સુરેખ, સરળ, હૃદય શબ્દચિત્રો જેવી લાગી છે. હસિત હ. મહેતા ટૂંકમાં કેવી સરસ વાત લખે છે તો ગુણવંત વ્યાસ આ લેખોને માનવતાના મેરુ કરીને બિરદાવે છે.

'માનવતાના ભેરુ' રેખા ચિત્રોના લેખક ભગીરથ રૂઘનાથજી બ્રહ્મભટ્ટનો જન્મ તા.૫-૧-૧૯૯૪ના રોજ ગાંધીનગર જિલ્લાના નાદરી ગામે થયો હતો. એમ.એ., પીએચ.ડી. સુધીનો અભ્યાસ ધરાવતા લેખક સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરમાં પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે. તેમણે સંપાદન, વિવેચન, અનુવાદ, ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. તે ઉપરાંત ચરિત્ર, નિબંધ, લઘુકથા, વાર્તાઓ, કાયો જેવા સાહિત્યના વિવિધ પ્રકારોમાં અનેક પુસ્તકો આપ્યા છે. જેમાં અનેક પુસ્તકો ઉ.ગુ, દ.ગુ, સ.પ. યુનિ.ના અભ્યાસક્રમોમાં ચાલે છે. આથમતાં અજવાળાં નિબંધ સંગ્રહ માટે તેમને કુમાર સુવર્ણચંદ્રક ૨૦૦૮માં પ્રાપ્ત થયેલો છે. તે ઉપરાંત ચિંતન લેખો અક્ષરનાં અજવાળાં મીઠાં વગરનો રોટલો નવલિકાઓ, પ્રકૃતિ પર્વના લલિત નિબંધો જેવી કૃતિઓને ઇનામો પ્રાપ્ત થયેલાં છે.

'માનવતાના ભેરુ' ભારતીય સંસ્કૃતિના પરંપરાગત ઉજમાળાં માનવ મુલ્યોનું જતન કરતાં રેખાચિત્રો પુસ્તક રૂપે પ્રગટ કરવા બદલ ડિવાઇન પબ્લિકેશનના અમૃતભાઇ ચૌધરી અને લેખકને અભિનંદન પાઠવી પુસ્તકને આવકારું છું.

'માનવતાના ભેરુ'
લેખક - ભગીરથ બ્રહ્મભટ્ટ
પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન,
૩૦, બીજે માળ, કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧
કિંમત રૂ. ૧૨૫.૦૦, પૃષ્ઠ - ૧૫૬
આવૃત્તિ - ૨૦૧૩

આપણે યોગ્ય દિશામાં વિચારતાં રહેવું જોઇએ અને પછી એ દિશામાં ડગલાં પણ માંડવા જોઇએ, તો લક્ષ્યની નિકટ જવાય

ઇચ્છા છે... ઇચ્છાશક્તિ કેળવવાની!
- હર્ષદ પ્ર. શાહ

મારી આ લેખમાળા દ્વારા આપણે સતત એકબીજાના વૈચારિક સહવાસમાં છીએ. એના દ્વારા આપણે એકબીજાને સમજવાનું સુઅવસર મળ્યો છે... અને અમે, આપણે વ્યક્તિના વિકાસની, પરિવારની પ્રેમની, સમષ્ટિની સાધનાની, રાષ્ટ્ર અને રાષ્ટ્રભક્તિની ક્ષિતિજોને સ્પર્શ કરતા રહ્યા છીએ. એમાં ક્યારેક વિશ્વ, સૃષ્ટિ અને પરમેષ્ટિના સંદર્ભોને પણ સમજવાનો આપણે પ્રયત્ન કર્યો છે.

આપણે યોગ્ય દિશામાં વિચારતાં રહેવું જોઇએ અને પછી એ દિશામાં ડગલાં પણ માંડવા જોઇએ. તો લક્ષ્યની નિકટ જવાય.

વિચારવું, લાગણી વ્યક્ત કરવી, ઇચ્છા કરવી વગેરે માનવ-મનની સ્વાભાવિક પ્રક્રિયા છે. મન એમાં જ વ્યસ્ત રહેતું હોય છે. મનને નિષ્ક્રિય કરવું કઠિન છે. તેમ ઇચ્છાઓનો મનમાં પ્રવેશ-નિષેધ પણ બહુ અઘરો છે. ઇચ્છાઓ તો મનમાં ઊઠતી જ રહેશે. આ બધી ઇચ્છાઓમાંથી કેટલી સારી... સાત્ત્વિક ઇચ્છાઓને 'ઇચ્છાશક્તિ' માં ફેરવવાથી કંઇક ઉપલબ્ધિ થાય.

માણસનું જીવન ઇચ્છાઓનું ઘનઘોર જંગલ છે. ડગલે ને પગલે કોઇક ઇચ્છા! સારા ભોજનની ઇચ્છા, સારા ઘરની ઇચ્છા, સુખધી સંસારની ઇચ્છા, સુખ-વૈભવ-સંપત્તિની ઇચ્છા...

ઇચ્છાઓનો અંત નથી. કદાચ ઇચ્છાપૂર્તિના પ્રયત્નો જ માણસનું જીવન આગળ ધપાવ્યે રાખે છે... એને હસતો-ફરતો અને ક્રિયાશીલ રાખે છે.

ઇચ્છામાં વિકાર ભળે તો વાસના કહેવાય અને ઇચ્છાઓ સંસ્કાર ભળે તો એને સાધના કહેવાય! ઇચ્છાને સારો આકાર મળે તો મન-હૃદય સંતૃપ્ત થાય. પણ... આવી ઇચ્છાઓ ઉપર અંકુશ મેળવવો, એને નિયંત્રિત કરવી એ પણ એક મહાન તપશ્ચર્યા છે. ઇચ્છાઓ ઉપર અંકુશ મેળવવાનો અદ્‌ભૂત માર્ગ છે ઇચ્છાશક્તિ કેળવવાનો.

એક બાજુ ઇચ્છા, બીજી ઇચ્છાશક્તિની સાધના. ઇચ્છા મનને નિર્બળ બનાવે છે, ઇચ્છાશક્તિ મનને પ્રબળ બનાવે છે... મનોબળ વધારે છે. ઇષ્ટ ઇચ્છાઓની પૂર્તિ માટે કેળવેલી ઇચ્છાશક્તિ જીવનને બધી રીતે શ્રેષ્ઠ બનાવે છે... અરે! મૃત્યુને પણ સુધારે છે. આ જેવી તેની વાત નથી. ભીષ્મ પિતામહ ઇચ્છામૃત્યુને વર્યા હતા. પ્રબળ ઇચ્છાશક્તિને કારણે જ એકલવ્ય ગુરૂના પ્રત્યક્ષ માર્ગદર્શન વિના પણ ઉત્કૃષ્ટ ધનુર્વિદ્યા મેળવી શક્યો હતો. પ્રબળ ઇચ્છાશક્તિ ધરાવનાર દર્દી મૃત્યુના મુખમાં જઇને પણ પાછો ફરે છે. પ્રબળ ઇચ્છાશક્તિને વરેલા શૂરા યોદ્ધાઓનાં મસ્તક વિનાનાં ધડ રણમેદાનમાં ઝઝમૂયાનાં અનેક ઉદાહરણો આપણા ઇતિહાસમાં છે.

ઇચ્છાશક્તિનું અવલંબન કરનારને પરાવલંબનનું ગ્રહણ નડતું નથી. ઇચ્છાશક્તિના સાધકને માર્ગમાં કોઇ અવરોધો નડતા નથી... મારગના કાંટા પર એના માટે ફૂલ બની જાય છે. ઇચ્છાશક્તિની મદદથી પથિક સ્વયં પથ બની જાય છે... વ્યક્તિ મટી તત્ત્વ બની જાય છે. કોઇ વાત એના માટે અશક્ય બનતી નથી. ઇચ્છિત સંકલ્પને સિદ્ધ કરવાનો એકમાત્ર માર્ગ છે - ઇચ્છાશક્તિની આરાધના!

માણસ એટલે ઇચ્છાઓનો સમૂહ. 'આમ કરવું છે ને તેમ કરવું છે' એવી એવી વિચારણાઓ અને ઇચ્છાઓના અડાબીડ જંગલમાં અથાડાય કરતો માનવી કોઇ પ્રકાશમય કેડી શોધી લે તો કેવું? ઇચ્છાઓના જંગલમાંથી પણ કોઇ સુંદર-સુનિયોજિત ઉપવન રચી શકાય છે.

વેબસ્ટર નામનાં એક છોકરાએ છેક બાળપણથી જ નક્કી કરેલું કે પોતે અંગ્રેજી ભાષાનો એક શબ્દકોષ તૈયાર કશે. એ એટલો તો ગરીબ હતો કે ફાટી ગયેલા પગરખાંને ફેંકી દઇ નવાં પગરખાં ખરીદવાના પૈસા એની પૈસા હતા નહીં. એનાં જૂના પગરખાંમાં એટલા મોટા કાણાં પડી ગયેલાં કે એ ચાલે ત્યારે અંદર કાંકરા પેસે ને નીકળે! એ જોઇને લોકોને રમૂજ થતી. લોકોના ઉપહાસનાં શબ્દોની વચ્ચે પણ એણે શબ્દોની ઉત્પત્તિ, તેમનાં મૂળ, તેમના અર્થ અને વિવિધ ઉપયોગનું ચિંતન ચાલુ રાખ્યું. શબ્દો અંગે પાર વગરની સામગ્રી ભેકી કરવાનું એનું કામ અવિરતપણે ચાલુ રહ્યું. એની ચારે બાજુ અંધકાર હતો પણ એક પ્રબળ ઇચ્છાનો પ્રકાશ એને આગળ ને આગળ દોરી રહ્યો હતો. અને, એક દિવસ આવ્યો જયારે એણે શબ્દકોષની રચના કરી. આખા જગતમાં વેબ્સ્ટરની ડિકશનરીઓ ખૂબ જ પ્રતિષ્ઠા પામી. અંગ્રેજી ભાષાના ઇતિહાસમાં એનું નામ અને કામ સુવર્ણાક્ષરે લખાઇ ગયાં. પગનાં બૂટનાં કાણા તરફ નજર રાખવાને બદલે એણે મગજમાં રમતા પ્રકાશ તરફ મનને એકાગ્ર કર્યું... જેથી એને અને જગતને અવર્ણનીય લાભ થયો.

પોતાની આસપાસની પરિસ્થિતિના ઘન અંધકારમાં પણ માણસ ઇચ્છાશક્તિના દીવડાથી પ્રકાશ પાથરી શકે છે. વિરોધ કે અવરોધ સામે એવો માણસ ઝૂકતો નથી. 'હું શક્તિશાળી છું...' એવો આત્મશ્રદ્ધાપૂર્ણ (અહંકારયુક્ત નહીં!) વિચાર જ એને સિદ્ધિની દિશામાં દોરી જાય છે. એના દૃઢ નિરધાર સામે, દૃઢ સંકલ્પ સામે ભલભલાં વિરોધ કે નિર્બળતા ઓગળી જાય છે. આ સનાતન નિયમનો લાભ લેનારને કદી પણ ચિરકાળ માટે અંધકારમાં ભટકવું પડતું નથી.

જર્મનીના જનરલ રામેલ લડાઇઓમાં એવા જીતતા તે લોકો તેમને જાદુગર કહેતા. આફ્રિકામાં તેમને અંગ્રેજ સેનાનો મુકાબલો કરવો પડ્યો. અંગ્રેજોની શક્તિ દશ ગણી હોવા છતાં રોમેલે તેમને ૫૦૦ માઇલ પાછા હટાવ્યા અને ખરાબ રીતે પરાજિત કર્યા. કઠિનમાં કઠિન મોરચે પણ સૈનિકોમાં જોશ ભરવાની અને વિજય મેળવવાની અદ્‌ભૂત ક્ષમતા એમનામાં હતી.

એક મોરચે તેમના માથાના ત્રણ ટુકડા થઇ ગયા. ડોકટરોએ એમના બચવાની આશા છોડી દીધી. પરંતુ પોતાની અદ્‌ભૂત ઇચ્છાશક્તિના સહારે મોતને હરાવીને તેઓ જીવી ગયા. એટલું જ નહીં, તે પછીની અનેક લડાઇઓ જીત્યા. મૃત્યુ આત્મવિશ્વાસની મુઠ્ઠીમાં રહે છે. ઇચ્છાશક્તિ નિર્ભયતાની આવી સ્થિતિ પ્રાપ્ત કરાવી આપે છે અને અશક્યને પણ શક્ય બનાવે છે.

ચાર વર્ષની એક છોકરીને લકવો થયો. લાકડીને ટેકે તે ચાલી શકતી. છોકરીના પગની શક્તિ ઓછી હતી પણ મનની જબરજસ્ત! તેણે હિંમત ન છોડી. લાકડીના ટેકે સતત ચાલતાનો અભ્યાસ કરતાં કરતાં તે હવે દોડવા લાગી. એક સમય એવો આવ્યો કે ઓલિમ્પિક રમતમાં તે સામેલ થઇ અને ત્રણ ત્રણ પદકો જીતી લાવી. એ પુરૂષાર્થી છોકરીનું નામ હતું ગોલ્ડીન રૂલાક. તે

અનુસંધાન પાના.૬ પર

યૌવન ચાલ્યું જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા મંદ પડે છે, પરંતુ માતાનો પ્રેમ સદાસર્વદા વધતો રહે છે

હું રસ્તે રઝળતી વારતા
- અચના કમલેશ

જગતના કેટલાક શાશ્વત સવાલો છે. એમાં એક સવાલ છે. ક્યો સંબંધ સૌથી ઉત્તમ? પિતા-પુત્ર, સ્વામી-સેવકનો, પતિ-પત્નીનો, રાષ્ટ્ર-નાગરિકનો... ક્યો સંબંધ સૌથી શ્રેષ્ઠ, સૌથી મહત્ત્વનો! આના જવાબ કદાચ જુદા જુદા આવે. પરંતુ માતા-સંતાનના સંબંધનો ઉલ્લેખ કરતાં જ બાકીના બધા સંબંધો ગૌણના વેશમાં આવી જાય! હા, માતા અને સંતાનનો સંબંધ સૌથી વિશિષ્ટ, સૌથી મહત્ત્વનો, સૌથી મહાન છે.

આમ તો, જીવમાત્રના જન્મમાં, જૂજ અપવાદને બાદ કરતાં, નરતત્ત્વ અને નારીતત્વ, બંનેની ભૂમિકા હોય છે, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે ઘણી ખરી જન્મ ઘટનાઓમાં નરતત્ત્વ માત્ર પ્રારંભિક ભૂમિકા ભજવીને અલગ થઇ જાય છે. પછી જીવને સલામત વાતાવરણમાં વિકસાવવાથી માંડીને એને જન્મ આપવામાં, એને પગભર કરવામાં એને જીવનમાં ટકવાની ક્ષમતાઓ આપવામાં નારી તત્ત્વ જ જીવને જન્મ અગાઉનું પોષણ આપે છે. જન્મ પછી શિશુને સંસ્કારવાનું કામ મુખ્યત્વે માતા જ કરે છે. માતા અને સંતાનો આવો અદ્વિતીય સંબંધ હોવાથી, એમનો સંબંધ જ અવશ્ય શ્રેષ્ઠ ગણાય છે. આથી જ માતા વંદનીય છે. આથી જ માનવજાતના સર્વપ્રથમ દેવત્વ માતૃકાના રૂપમાં શરૂ થયાં હતા. પૃથ્વીની સર્વપ્રથમ દેવત્વ મૂર્તિઓ માતૃદેવતાની છે પછી ક્રમશઃ પુરૂષપ્રધાન સમાજ વિકસ્યો એટલે નરદેવત્વ વિકસ્યા અને પ્રાથમિકતા પામ્યા.

આપણે અત્યારે દેવત્વ અને એના વિકાસ-પરિવર્તનની ચર્ચામાં નહીં પડીએ. અત્યારે તો આંતરરાષ્ટ્રીય માતૃદિન નિમિત્તે, માતૃમહિમા, નિરૂપીશું. એ માટે અહીં માતૃમહિમાના કેટલાક સૂત્રો આપીએ છીએ. આ સૂત્રો આપની નોટબુકમાં લખી રાખજો. ભણતા હો તો તમારી શિક્ષણ સંસ્થાનાં પાટિયા પર આ સૂત્રો લખજો. ગૃહિણી હો તો ઓટલા પરિષદ વેળા અન્ય મહિલાઓને આ વાંચી સંભળાવજો. કોઇ કલ્પનાં સભ્ય હો તો એમાં રજૂ કરજો.

- મા તે મા, બીજા બધા વગડાના વા.
- હાડહાડમાં હેત ભર્યું જેને,
  વેણ વેણે વરદાન,
  ઘર ઘર માતારૂપ બિરાજે
  ભૂતળમાં ભગવાન.
- જેણે માતાની સેવા કરી નથી એનું બધું ભણતર નકામું છે.
- મોઢે બોલું મા ત્યારે,
  મને નાનપ સાંભરે,
  આ મોટપની મજા,
  કડવી લાગે 'કાગડો'

('કાગડો' - કવિ દુલા ભાયા કણ)

- જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
  પીધો કસૂંબીનો રંગ,
  ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ
  પામ્યો કંસૂબીનો રંગ

(ઝવેરચંદ મેઘાણી)

- દરેક માણસ એવો બને છે જેવો એની માતા બનાવે છે.
- શબ્દકોશના તમામ શબ્દોમાં જે મીઠાસ નથી, તે એક 'મા' શબ્દમાં છે.
- માતા જેવી કોઇ છાયા નથી,
  માતા જેવી કોઇ ગતિ નથી,
  માતા જેવું કોઇ રક્ષણ નથી,
  માતા જેવી કોઇ પરબ નથી.
- સહરાના કણને ગણી શકાય, સમુદ્રના બિન્દુને ગણી શકાય, ફલકના સિતારાને ગણી શકાય, પરંતુ માના ઉપકારો કદી ગણી શકાય.
- માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માના ચરણોમાં છે
- યૌવન ચાલ્યું જાય છે, પ્રેમ ઓસરી જાય છે. મિત્રતા મંદ પડે છે. પરંતુ માતાનો પ્રેમ સદાસર્વદા વધતો રહે છે.
- માતૃત્વ એક કીમિયો છે. કથીરનું કંચન અને પોખરાજનો હીરો કરવાની એનામાં શક્તિ છે.
- દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય વધે, સૌ આચાર્ય કરતાં એક ઋષિ વધે, પણ હજાર ઋષિ કરતાં એક માતા વધે.
- પુત્ર કદીક કુપુત્ર થાય, માતા કુમાતા ન થાય.
- કલાકાર અને કવિ પોતાની કૃતિ નીચે પોતાનું નામ લખી દે છે, તો સંતાનો શા માટે પોતાના નામ પાછળફ માત્ર પિતાનું નામ લખે? માતાનુંય નામ શા માટે નહીં?
- જયોતિ લાધે નિજ શિશુને, એટલી ઉર કામના,
  મોડી મોડી ખબર પડી, માતા, તું જ જયોતિધામ!
- વધે છે વર્ષો તો દિન દિન છતાં કેમ મુજને,
  રહે છે બોલાવી બચપણ તણી હાક તુજની?
- બાળકને ક્યારે શું જોઇએ તે જાણે અને તે પ્રમાણે આપે તેનું નામ માતા.
- વૈતરું ઘર આખાનું કરીને દિન ગાળતી પુત્રોના
  ભાવિને સારું બાળીને ઉર ઠારતી,
  બાએના જિંદગી જોઇ ઘરની ઘોલિકી તજી.
- મા એક એવી ઋતુ છે જેને કદી પાનખર આવતી નથી.

અનુસંધાન પાના.૬ પર